PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯/કવા-૦૨/૧૮–૧૯/ 7771 તા. 20-8-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દેવશીભાઈ મેરામણભાઈ કરમુર,
ગામ: દેવળીયા
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા – 361320
મો: ૯૪૨૬૨ ०૯૪૮૭

**વિષય :–એજી ફીડર ની આખી લાઈન કલીયર કરી નવી જરૂરીયાત મુજબ રીપેરીંગ કરી આપવા**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૯/કવા–૦૨/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

**બિડાણ : ઉપર મુજબ**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા**
.... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ०૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર**

5

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૯/કવાર્ટ-૦૨/૧૮-૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૦-૦૮-૧૮ | સ્થળ : દ્વારકા |
|---|---|---|

પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: દેવશીભાઈ મેરામણભાઈ કરમુર, ગામ: દેવળીયા

રજુઆત કરનાર: અરજદાર દેવશીભાઈ મેરામણભાઈ કરમુર હાજર રહેલ છે.

વિરુધ્ધ

પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : એજી ફીડરમા આખી લાઈન ક્લીયર કરી અને જરૂરીયાત મુજબ રીપેરીંગ કરી આપવા

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર અને અન્ય ૩૬ અરજદારો – લેખીત રજુઆત મુજબ – તેઓ ગામ:દેવળીયા ખાતે ના વાડી વિસ્તારમા રહેણાંક તેમજ ખેતીવાડી વીજજોડાણો ધરાવે છે, જે ચાચલાણાં એ.જી. ફીડર ની વીજલાઈન – આશરે ૧૨ કીમી જર્જરીત થયેલ હોય– અવાર–નવાર વિજવિક્ષેપ થાય છે. તેમજ છેલ્લા ૩૦ દિવસમા આશરે ૮૦ થી ૯૦ વખત ફોલ્ટ થયેલ હોય– જરૂરી વીજ સમારકામ કરવા માટે – અરજદારો એ તેમજ જામ દેવળીયા ગ્રામ પંચાયત ના સરપંચ ના પત્ર તા.૦૩–૦૭–૧૮ મુજબ – અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર દેવશીભાઈ મેરામણભાઈ કરમૂર દ્વારા ૧૧ કેવી ચાચાલાના એજી વિજલાઇન ની મરામત ની કામગીરી કરવાની રજૂઆત કરેલ છે – જે અનુસંધાને – નાયબ ઈજનેર પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર દ્વારા રૂબરૂ સ્થળ ની મુલાકાત લઈ – ૧૧ કેવી ચાચલાણા મા જરૂરી વીજસમારકામ કરવા અંગેનો પ્રોજેકટ નં: ૨૧૫૩૫૧ મંજુર કરાવી – સદર ફીડર માં વીજસમારકામ અંગેની કામગીરી હાલ મા પ્રગતી હેઠળ છે, જે અગ્રતાના ધોરણે આશરે ૦૧ માસ મા પૂર્ણ કરી આપવામા આવશે. |

**મુદદા નં.-૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ૧૧ કેવી ચાચલાણા ખેતીવાડી ફીડરમાં – વીજલાઈન ખૂબજ જર્જરીત થયેલ હોય – પાવર સપ્લાય અનિયમીત મળતો હોય – જે અનુસંધાને – પાવર સપ્લાય નિયમીત મળે તે માટે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – સદર ફીડર મા જરૂરી સર્વે ની કામગીરી પૂર્ણ કરી – જે કામગીરી ની તાંત્રીક મંજુરી મેળવી – હાલ વીજસમારકામ અંગેની કામગીરી પ્રગતી હેઠળ હોય, જે અગ્રતાના ધોરણે આશરે ૦૧ માસ મા પૂર્ણ કરી આપવામા આવશે. |

| | |
|---|---|
| ૩.૨ | ફોરમ કમિટી ની મીટીંગમા અરજદાર ની રૂબરૂ મૌખીક રજુઆત મુજબ – પોલ નં.–૫૧ થી ૧૩૦ અને પોલ નં.–૧૫૨ થી ૧૫૩ માં વીજવાયર બદલાવવાના બાકી છે, તેમજ પોલ નં.–૧૬૪ થી ૧૭૪ માં એંગલ બદલાવવાના બાકી છે. |
| ૩.૩ | ઉપરોક્ત – મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતેની અરજદાર ની ફરીયાદ અન્વયે – ૧૧ કેવી ચાચલાણા ખેતીવાડી ફીડરમાં – જરૂરી વીજસમારકામ અંગેની કામગીરી તા.૧૦–૦૯–૧૮ સુધીમા પૂર્ણ કરી અને અરજદાર તેમજ અત્રે ના ફોરમ ને જાણકારી આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે – ૧૧ કેવી ચાચલાણા ખેતીવાડી ફીડરમાં – જરૂરી વીજસમારકામ અંગેની કામગીરી તા.૧૦–૦૯–૧૮ સુધીમા પૂર્ણ કરી અને અરજદાર તેમજ અત્રે ના ફોરમ ને જાણકારી આપવા બાબતેનો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક-તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.